હેલોવીનની અનોખી ઉજવણી: ખાદ્ય પદાર્થો ભરેલા કોતરેલા કોળા પ્રાણીઓને ખાવા અપાયા

લંડન, તા. ૨૩: વ્હીપસ્નેડ ઝૂના પ્રાણીઓએ મહાકાય કોળા અને મોસમી વાનગીઓની મજા માણીને હેલોવીનના તહેવારની ઉજવણી કરી હતી. વિવિધ પ્રાણીઓની માનસિક અને શારીરિક સક્રિયતા વધારવાની પ્રવૃત્તિઓના ભાગરૂપે એક શીંગડાવાળા વિશાળ ગેંડા, રિંગ-ટેઈલ્ડ અને બ્લેક લીમર તથા સુલાવેસી ક્રેસ્ટેડ મકાકને ખાદ્ય પદાર્થોથી ભરેલા કોતરેલા કોળા આપવામાં આવ્યા હતા. રિંગ-ટેઈલ્ડ લીમર ડેલાઈલા અને ડિએગો, તેમજ બ્લેક લીમર કેમિલા અને કહાગીએ હેલોવીનની વાનગીઓ વચ્ચે છુપાવેલા મકાઈ અને કેપ્સિકમ મરચાંને પોતાની સુંઘવાની શક્તિથી શોધી કાઢ્યા હતા. ઝૂના મસ્તીખોર મકાક વાંદરાઓએ પણ આમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, અને કોળામાંથી બીજ તથા કઠોળ શોધવા માટે પોતાના ચપળ હાથનો ઉપયોગ કર્યો હતો. બીજી તરફ, એક શીંગડાવાળો વિશાળ ગેંડો યુગો આ ડરામણી ગોઠવણથી બિલકુલ અજાણ રહીને સુગંધિત વાનગીઓને સુંઘ્યા પછી ઘાસ અને કોબીજનો મોટો નાસ્તો આરોગવામાં મશગૂલ થઈ ગયો હતો. પ્રાણીઓ તેમની કુદરતી સહજવૃત્તિઓનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત થાય તે હેતુથી ઝૂના કીપર્સ નિયમિતપણે ફૂડ પઝલ, સેન્ટ ટ્રેલ અને અન્ય પ્રવૃત્તિઓનો ઉપયોગ કરે છે.

» ચોમાસાના વરસાદ ઓસર્યાના થોડા દિવસો પછી, મનોહર પર્વતો વચ્ચે આવેલું ઇનલે લેક મ્યાનમારના સૌથી મહત્વપૂર્ણ બૌદ્ધ તહેવારોમાંના એકનું કેન્દ્ર બને છે, જ્યાં અનેક સોનેરી મૂર્તિઓ પાણી પરથી પસાર થાય છે. ૧૮ દિવસ સુધી ચાલતો 'ફાઉંગ ડો ઓ પેગોડા ઉત્સવ' એ દેશના બીજા ક્રમના સૌથી મોટા મીઠા પાણીના સરોવર પર યોજાતી વાર્ષિક ઉજવણી છે, જે યાંગોનથી ઉત્તર-પૂર્વમાં આશરે ૪૨૦ કિલોમીટર દૂર શાન રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલું છે. આ ઉત્સવ દરમિયાન, ચાર ખાસ મહત્વની બુદ્ધ મૂર્તિઓને એક સુશોભિત સોનેરી હોડી પર બેસાડીને તળાવની આસપાસના ૨૧ ગામોમાં લઈ જવામાં આવે છે જેથી લોકો તેમના પ્રત્યે આદર અને શ્રદ્ધા વ્યક્ત કરી શકે. આ ઉત્સવને છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક અવરોધોનો સામનો કરવો પડ્યો હતો. કોવિડના રોગચાળા વખતના પ્રતિબંધો, ત્યારબાદ લશ્કરે શાસન કબજે કરતા સર્જાયેલી રાજકીય અસ્થિરતા અને છેલ્લે ધરતીકંપ જેવી બાબતોએ આ ઉત્સવને અસર પહોંચાડી હતી.

બિહારના સીવાનમાં ફટાકડા ફેક્ટરીમાં ભીષણ વિસ્ફોટ, 8નાં મોત

પટના, તા. 23: બિહારના સીવાન જિલ્લામાં દીવાળીને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં ફટાકડા બનાવવાની પ્રવૃત્તિ દરમિયાન એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જિલ્લાના જામો પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત આવતા આલમપુર ગામમાં ફટાકડાના વેપારી મો. અમીરુદ્દીન મિયાંના મકાનમાં ચાલતી ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં અચાનક એક પછી એક ભીષણ ધમાકા થવા લાગ્યા હતા. આ દુર્ઘટનામાં વેપારી અમીરુદ્દીન મિયાં, તેમનાં પત્ની અને પુત્રી સહિત કુલ 8 લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે, જ્યારે કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે મકાનનો આગળનો મોટો હિસ્સો તૂટીને સીધો રસ્તા પર જમીનદોસ્ત થઈ ગયો હતો અને મૃતદેહો રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા. ઘટનાસ્થળે આશરે બે કલાક સુધી સતત રોકાઈ-રોકાઈને વિસ્ફોટો થતા રહ્યા હતા, જેના કારણે આસપાસના વિસ્તારમાં ભારે અફરા-તફરી મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એસડીએમ આશુતોષ ગુપ્તા અને ડીએમ વિજય પ્રકાશ મીણા તાત્કાલિક કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રાહત-બચાવ કામગીરી શરૂ કરી હતી.

સૈફ અલી ખાને મુંબઈના બાંદ્રામાં 4.11 કરોડમાં ફ્લેટ વેચ્યો

મુંબઈ, તા. 23: બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાને મુંબઈના બાંદ્રા વેસ્ટ વિસ્તારમાં આવેલો 797 ચોરસ ફૂટ કાર્પેટ એરિયાનો ફ્લેટ રૂ. 4.11 કરોડમાં વેચી દીધો છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, હાઈ-કોન્સ રેસિડેન્સીમાં આવેલા આ ફ્લેટનો સોદો બે ઓપન પાર્કિંગ સ્પેસ સાથે 19 ઓક્ટોબર, 2026ના રોજ નોંધાયો હતો. આ ઉપરાંત, સૈફ અલી ખાને અંધેરી કુર્લા રોડ પરના પોતાના બે કોમર્શિયલ યુનિટ્સ 22.76 લાખના માસિક ભાડે પાંચ વર્ષ માટે લીઝ પર આપ્યા છે.

અમિતાભના પ્રખ્યાત બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈ, તા. 23: બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચન અને તેમના પ્રખ્યાત બંગલા 'જલસા'ને લઈને એક અત્યંત ચોંકાવનારી ધમકી સામે આવી છે. મુંબઈના મેયર ઋતુને એક ધમકીભર્યો ઈ-મેઈલ મોકલવામાં આવ્યો છે, જેમાં જલસા બંગલાને બોમ્બથી ઉડાવી દેવાની વાત કહેવામાં આવી છે. ઈ-મેઈલમાં લખ્યું છે કે '31 ઓક્ટોબરથી 27 નવેમ્બર વચ્ચે ગમે ત્યારે આ હુમલો થઈ શકે છે. આ હુમલો 1984ના 'ઓપરેશન બ્લૂ સ્ટાર'નો બદલો લેવા કરાશે.' આ ગંભીર ધમકી મળ્યા બાદ મુંબઈ પોલીસ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમો તરત જ હરકતમાં આવી ગઈ છે અને સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

દિલજીત દોસાંઝને આત્મઘાતી હુમલામાં જાનથી મારી નાખવાની ધમકી

મુંબઈ, તા. 23 ઓક્ટોબર, 2026: જાણીતા પંજાબી ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝને પણ એક ધમકીભર્યા ઈ-મેઈલ દ્વારા આત્મઘાતી હુમલામાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. મુંબઈના મેયરને મોકલવામાં આવેલા આ મેઈલમાં દિલજીત દોસાંઝને આગામી 27 નવેમ્બરે મુંબઈના મહાલક્ષ્મી રેસ કોર્સ ખાતે નિશાન બનાવવાની વાત કહેવામાં આવી છે. આ ઈ-મેઈલમાં કેટલાક વિવાદાસ્પદ મુદ્દાઓ અને ખાલિસ્તાન સમર્થક નારાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મેલમાં કહેવાયું છે કે દિલજીતે અમિતાભના ચરણ સ્પર્શ કર્યા હતા એટલે તેની ઉપર હુમલો કરાશે.

સતત કામની ધૂનમાં અંગત સંબંધો ખોઈ બેઠો: આમિર ભાવુક થયો

મુંબઈ, તા. 23: સિંગાપોર ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપવા પહોંચેલા બોલિવૂડ સ્ટાર આમિર ખાન સ્ટેજ પર વાતચીત દરમિયાન ભાવુક થઈને રડી પડ્યો હતો. આમિરે ખુલાસો કર્યો કે કોવિડ લોકડાઉન દરમિયાન તેને અહેસાસ થયો કે છેલ્લા 30 વર્ષથી એક 'ઝનુની'ની જેમ કામ કરવામાં તેણે પોતાના અંગત સંબંધો ગુમાવી દીધા છે અને બાળકો ક્યારે મોટા થઈ ગયા તેની ખબર જ ન પડી. આ વાત કહેતા જ તેની આંખોમાં આંસુ આવી ગયા હતા અને એક દર્શકે તેને ટિશ્યૂ પેપર આપવું પડ્યું હતું. આમિરે ઉમેર્યું કે સારું થયું કે આ અહેસાસ તેને 56 વર્ષની ઉંમરે થયો, નહીં કે 86 વર્ષની વયે જ્યારે કંઈ સુધારી ન શકાય. આ જ ઈવેન્ટ દરમિયાન આમિરે પોતાની સુપરહિટ ફિલ્મો '3 ઈડિયટ્સ' અને 'અંદાજ અપના અપના'ની સિક્વલ પર ક્રમશઃ રાજકુમાર હિરાણી અને રાજકુમાર સંતોષી કામ કરી રહ્યા છે.

ઉત્તરાખંડના યુવકે એન્જિનિયરિંગ ડિગ્રી વગર બનાવી ફ્લાઈંગ કાર

આર્ટ્સ સ્ટ્રીમથી ગ્રેજ્યુએટ થયેલા રવિએ ઈન્ટરનેટથી શીખીને બનાવી 'હેપીડા સ્કાયનેક્સ' કાર

રનવે વગર વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ કરવાની ક્ષમતા

દેહરાદૂન, તા. 23: ઉત્તરાખંડના અલ્મોડા જિલ્લાના એક આર્ટ્સ (બીએ) ગ્રેજ્યુએટ રવિ તમટાએ કોઈ પણ પ્રકારની ઔપચારિક એન્જિનિયરિંગ કે સાયન્સની ડિગ્રી વગર, માત્ર 13 વર્ષના સ્વ-અભ્યાસ અને ઓનલાઈન માહિતીઓની મદદથી એક ઈલેક્ટ્રિક ફ્લાઈંગ કાર પ્રોટોટાઈપ તૈયાર કરી છે. તેમની આ સિંગલ-સીટર ફ્લાઈંગ કારનું નામ 'હેપીડા સ્કાયનેક્સ' રાખવામાં આવ્યું છે, જેણે ગત ઓગસ્ટ મહિનામાં સફળ ટેસ્ટ ફ્લાઈટ પૂર્ણ કરી છે. આ સિદ્ધિ સાબિત કરે છે કે જો દ્રઢ મનોબળ અને જિજ્ઞાસા હોય તો શિક્ષણના વર્ગખંડો બહાર પણ ક્રાંતિકારી વિચારોને વાસ્તવિકતામાં ફેરવી શકાય છે. રવિ તમટાએ વર્ષ 2015માં ફ્લાઈંગ કાર બનાવવાનું સ્વપ્ન જોયું હતું અને પોતાના 'હેપિડા સ્કાય પ્રાઈવેટ લિમિટેડ' વેન્ચર દ્વારા તેને સાકાર કર્યું છે. આ વાહનની સૌથી મોટી વિશેષતા એ છે કે તેને ઉડાન ભરવા કે ઉતરવા માટે લાંબા રનવેની જરૂર નથી પડતી, પરંતુ તે હેલિકોપ્ટરની જેમ વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ કરી શકે છે.

કેન્યાની રાજધાની નાઈરોબીમાં 12 માળની બિલ્ડિંગ ધરાશાયી

ઈસ્ટલી વિસ્તારમાં બાંધકામ હેઠળની ઈમારત તાસના પત્તાની જેમ તૂટી પડી અનેક લોકો ફસાયા

નારોબી, તા. ૨૩(AP): કેન્યાની રાજધાનીમાં શુક્રવારે એક ઊંચી ઈમારત ધરાશાયી થતાં ઘણા લોકો ફસાયા હોવાની આશંકા છે, જેના કારણે કોંક્રિટનો મોટો ઢગલો થયો છે અને એક પછી એક પેનકેકની જેમ ગોઠવાયેલા ૧૨થી વધુ માળ વચ્ચે બહુ ઓછી જગ્યા રહી ગઈ છે.

નારોબીના ઈસ્ટલી વિસ્તારમાં એક વ્યસ્ત વેપારી માર્ગ પર આ ઈમારતનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું, જ્યાં અસંખ્ય વેપારીઓ અને રહેવાસીઓની ભારે ભીડ રહે છે, ત્યારે બપોરે ૧ વાગ્યાની આસપાસ તે ધરાશાયી થઈ હતી. નારોબીના પોલીસ વડા ઈસા મોહમુદે જણાવ્યું હતું કે ઈમારતમાં ઉપરના ૧૦થી વધુ માળનું બાંધકામ ચાલી રહ્યું હતું. બચાવ કામગીરી મુશ્કેલ બની હતી, કારણ કે ભીડને હટાવવા અને કટોકટી પ્રતિસાદ ટીમોને માર્ગ પૂરો પાડવા માટે પોલીસે નજીકની દુકાનોમાં લૂંટફાટ શરૂ કરી ચૂકેલા લોકો પર ટીયર ગેસના ગોળા છોડ્યા હતા. કેન્યા રેડ ક્રોસે જણાવ્યું હતું કે તેની ટીમો રસ્તા પર છે અને તેણે સાઈટ પરના લોકોને અપીલ કરી હતી કે તેઓ સુરક્ષિત રીતે કામ કરવા માટે બચાવકર્તાઓને જગ્યા આપે. રહેવાસીઓએ જણાવ્યું હતું કે ફસાયેલા તેમના કેટલાક સ્વજનોએ ઈમારત ધરાશાયી થયાના તરત જ બાદ મદદ માટે ફોન કૉલ કર્યા હતા.

હત્યાઓ સામે મણિપુરમાં અનોખું ધ્વનિ વિરોધ પ્રદર્શન

લોકોએ વાસણો વગાડ્યા, થાંભલાઓને ખખડાવ્યા, વાહનોના હોર્ન વગાડ્યા, ઢોલ વગાડ્યા

ઈમ્ફાલ, તા. ૨૩(PTI): મણિપુરના પાંચ ખીણ જિલ્લાઓમાં હિંસાની સતત ઘટનાઓ અને રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવામાં કથિત સરકારી નિષ્ફળતા સામે શુક્રવારે સાંજે હજારો લોકોએ રસ્તા પર ઉતરીને "ધ્વનિ વિરોધ" નોંધાવ્યો હતો.

ઈમ્ફાલના વિવિધ વિસ્તારોમાં પ્રદર્શનકારીઓએ રાજ્ય સરકારની વંશીય સંઘર્ષ ઉકેલવામાં અને વિવિધ માંગણીઓ સંતોષવામાં કથિત નિષ્ફળતા સામેનો રોષ વ્યક્ત કરવા માટે રાત્રે ૭:૩૦ થી ૮:૦૦ વાગ્યાની વચ્ચે વાસણો વગાડ્યા, હથોડીઓ વડે વીજળીના થાંભલાઓ ખખડાવ્યા અને વાહનોના હૉર્ન વગાડ્યા હતા. આ પ્રદર્શનના ભાગરૂપે અનેક પ્રદર્શનકારીઓ રસ્તા પર ઢોલ પણ લઈને આવ્યા હતા અને તેને વગાડ્યા હતા.

વિરોધ પ્રદર્શન દરમિયાન આશરે રાત્રે ૭:૫૦ વાગ્યાથી લગભગ ૧૦ મિનિટ માટે રાજ્યની રાજધાનીમાં લાઈટો પણ બંધ રાખવામાં આવી હતી. પોલીસે બાદમાં લોક ભવન નજીક એકત્ર થયેલા પ્રદર્શનકારીઓને વિખેરી નાખવા માટે ટીયર ગેસના કેટલાક શેલ છોડ્યા હતા. રાત્રે ૮ વાગ્યા પછી પોલીસે લોક ભવન નજીક બેરિકેડ પણ લગાવી દીધા હતા.

ફોલ્ડેબલ આઈફોન ડ્યુઓનું વેચાણ શરૂ

દુનિયાભરના એપલ સ્ટોરો પર લાંબી લાઇનો

લંડન, તા. ૨૩: એપલના પહેલા ફોલ્ડેબલ ફોન 'આઈફોન ડુઓ'નું આજે આખરે વેચાણ શરૂ થઈ ગયું છે, અને ગ્રાહકો આ ફોન મેળવવા માટે ઉમટી પડ્યા છે. દુનિયાભરના અનેક શહેરોમાં એપલના સ્ટોરો પર આઈફોનનો આ ફોલ્ડેબલ ફોન ખરીદવા માટે ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળી હતી. લંડન, બેંગકોક અને સિડનીમાં આવેલી એપલ સ્ટોર્સની બહાર મોટી કતારો જોવા મળી હતી. આ 2,000 પાઉન્ડની કિંમતના ફોલ્ડેબલ ફોનના પ્રી-ઓર્ડર ગયા અઠવાડિયે જ શરૂ થયા હતા, પરંતુ શિપિંગ માટે લાંબો સમય રાહ જોવી પડશે તે જાણીને ઘણા ચાહકો નિરાશ થયા હતા. ઘણા ગ્રાહકોએ શિપિંગથી આ ફોન મંગાવવાને બદલે એપલ સ્ટોર પર રૂબરૂ જઈને જ આ ફોન ખરીદવાની યોજના બનાવી હતી અને તેને કારણે પણ એપલ સ્ટોર્સ પર મોટી લાઈનો જોવા મળી હતી.

પ્રેમી સાથે નિકાહની માગ સાથે 18 વર્ષીય યુવતી મોબાઈલ ટાવર પર ચડી

બાદમાં વીડિયો કોલ પર કાઝીએ પડાવ્યા નિકાહ

બહરીચ (ઉ.પ્ર.), તા.)બહરાઇચ (યુપી): તા. 23 ઓક્ટોબર, 2026 (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના બહરાઇચ જિલ્લાના એક ગામમાં શુક્રવારે સવારે પ્રેમી સાથે લગ્ન કરવા માટે જીદ્દે ચડેલી 18 વર્ષીય યુવતી મોબાઈલ ટાવર પર ચડી જતાં ભારે અફરા-તફરી મચી ગઈ હતી. સેંકડો કિલોમીટર દૂર મુંબઈમાં રહેતા પ્રેમી સાથે વીડિયો કોલ દ્વારા નિકાહ સંપન્ન થયા બાદ જ યુવતી સલામત રીતે ટાવર પરથી નીચે ઉતરી હતી. મોતીપુર પોલીસ સ્ટેશનના એસએચઓ બ્રહ્મા ગોંડે જણાવ્યું કે, સૈયદા નામના યુવતી પોતાના જ ગામના 21 વર્ષીય નુરુદ્દીન સાથે લગ્ન કરવા માંગતી હતી, જે હાલ કામકાજ અર્થે મુંબઈમાં રહે છે.

બંનેના પરિવારજનો સામાજિક કારણોસર આ લગ્નનો વિરોધ કરી રહ્યા હતા. શુક્રવારે સવારે 6 વાગ્યે યુવતી ટાવર પર ચડી ગઈ હોવાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસ, ગ્રામજનો અને પરિવારના અથાક પ્રયાસો છતાં યુવતી ટાવર પરથી નીચે ઉતરવા તૈયાર નહોતી અને નિકાહ કરવાની માંગ પર અડી રહી હતી. પોલીસે પરિસ્થિતિની ગંભીરતા જોઈને બંને પક્ષના પરિવારજનોને સમજાવીને સંમતિ સાધી હતી.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧

ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧]) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૧/૦૨/૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહ–દેવાદારો અને જામીનદારો ૧. મહેન્દ્ર યાદવ, ૨. ચાંદની મહેન્દ્ર યાદવ,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૪૬,૬૩૯.૭૦/– (અંકે રૂપિયા અગિયાર લાખ છેતાલીસ હજાર છસો ઓગણચાલીસ અને સીતેર પૈસા પુરા) તા.૨૦.૦૨.૨૦૨૬ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૧મી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૧૧,૪૬,૬૩૯.૭૦/– (અંકે રૂપિયા અગિયાર લાખ છેતાલીસ હજાર છસો ઓગણચાલીસ અને સીતેર પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત જે 'માનવ્ય રેસીડેન્સી' ની બિલ્ડીંગ ના એ–ટાઈપ ના ૧લા માળનો મંજુર પ્લાન મુજબ ફ્લેટ નં.એ/૬ અને બુકીંગ ફ્લેટ નં.એ/૧૦–૧૦૮, માપ ૩૮૪.૦૬ ચો.ફુટ એટલે ૩૫.૬૮ ચો.મી (બિલ્ટઅપ એરિયા) અને ૩૫૪.૧૩ ચો.ફુટ એટલે ૩૨.૯ ચો.મી (કારપેટ એરિયા) ના વણવહેચાયેલ હિસ્સા માપ ૧૪.૭૭ ચો.મી, બિન–ખેતી જમીન ઉપર આવેલ બિલ્ડીંગના નો બ્લોક નં.૧૪૨, તેનો પુનઃરચિત જમીન નં.૧૪૨/૨ મોજે ગામ.કડોદરા, સબ–ડિસ્ટ્રીક્ટ અને તા.પલસાણા, જી.સુરત, ગુજરાત–૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા :**પૂર્વ તરફ : જોડેનો દાદર, પશ્ચિમ તરફ : જોડેનો ફ્લેટ નં.એ/૧–૧૦૭, ઉત્તર તરફ : જોડેનો રોડ, દક્ષિણ તરફ : જોડેનો પેસેજ આવેલ છે.**

સહિ/– અધિકૃત અધિકારી આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૨૧/૧૦/૨૦૨૬ સ્થળ : ગુજરાત લોન ખાતા નં.: ૧૪૪૧૧૮૬૫૫

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પૂણા શાખા : દુકાન નં.જી–૧૫–૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, ભૈયાનગર, માધવદીપ રેસીડેન્સી નજીક, પૂણાગામ, સુરત–૩૯૫૦૧૦. email : dbpuna@bankofbaroda.co.

કબજા નોટીસ (કલમ ૧૩(૪) (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૮.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ ગીરવેદાર **શ્રી ગીરેન્દ્ર સારદા જા (દેવાદાર અને ગીરવેદાર)** અને **શ્રીમતી જયોતિ જા (સહ–દેવાદર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૫૦,૧૨,૫૩૧.૭૭ (અંકે રૂા. પચાસ લાખ બાર હજાર પાંચસો એકત્રીસ અને સીત્તોતેર પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે તેમને મળેલ સત્તા હેઠળ વંચાણે લઈ **તારીખ ૨૨મી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૫૦,૧૨,૫૩૧.૭૭** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આરના રેસીડેન્સી ના નામે જાણીતી સોસાયટી નો પ્લોટ નં.૯૩ એરિયા માપ આશરે ૭૮.૨૧ ચો.મીટર, રોડની જમીન ના પ્રમાણસર વણવહેચાયેલ મિલકત માપ ૧૨.૭૦ ચો.મી અને સીઓપીની જમીનના પ્રમાણસર વણવહેચાયેલ મિલકતના ૧૦.૪૪ ચો.મી હિસ્સા સહિત પૂરો પ્રોજેકટ બિન ખેતી પુનઃરચિત ફાઈનલ પ્લોટની જમીન માપ ૬૪૧૪.૫૦ ચો.મી, રેવન્યુ સર્વે નં.૫૦/૧ જેનો બ્લોક નં.૯૩ માપ ૧૦૮૨૫.૦૦ ચો.મી, મોજે ગામ.ઈકલેરા, સબ ડિસ્ટ્રીકટ.ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ છે. અને સીટી સર્વે રેકોર્ડ મુજબ આખી જમીન સીટી સર્વે નં.એન.એ ૯૩ માપ ૧૦૮૨૫.૦૦ ચો.મી વોર્ડ –ઈકલેરા (બીનખેતી) સીટ નં.એન.એ.૯૯ સીટી સર્વે ઓફિસ સુરત–૩, જી.સુરત તરીકે જાણીતી છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૫૮, **પશ્ચિમ તરફ** : જોડેનો રોડ, **ઉત્તર તરફ** :જોડેનો પ્લોટ નં.૯૨, **દક્ષિણ તરફ** : જોડેની જમીન આવેલ છે.

તા. ૨૨.૧૦.૨૦૨૬ સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પૂણા શાખા.

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- **૨૬-૧૦-૨૦૨૬, સોમવાર** : પ્રમુખ યોગ (ડભોલી), સેન્ટર પોઈન્ટ (રિંગ રોડ)
- **૨૭-૧૦-૨૦૨૬, મંગળવાર**: શુકન હાઈટ્સ (સિંગણપોર), છાપરિયા શેરી (મહીધરપુરા), વસુંધરા ઈન્ફોટેક (સિંગણપોર)
- **૨૮-૧૦-૨૦૨૬, બુધવાર** : અર્ચના ગ્રુપ (કતારગામ), રામજી કૃપા (કતારગામ), શ્યામ ધામ (સિંગણપોર)
- **૨૯-૧૦-૨૦૨૬, ગુરુવાર** : રમણ પાર્ક (કતારગામ), ભાવનગરી મહોલ્લો, ગુરુકૃપા સોસાયટી (ડભોલી)
- **૩૦-૧૦-૨૦૨૬, શુક્રવાર** : અખંડઆનંદ સોસાયટી (સિંગણપોર), ગોકુલ રો હાઉસ (સિંગણપોર)
- **૩૧-૧૦-૨૦૨૬, શનિવાર** : પંચવટી (સિંગણપોર), ભગુનગર સોસાયટી (સિંગણપોર), વાસુ (વાસુદેવ એપાર્ટમેન્ટ - યુ.એમ. રોડ)

અસુવિધા બદલ દિલગીર છીએ

અમારી WhatsApp સેવા, આપને વધુ સુવિધા 8141970070 પર 'Hi' લખી મોકલાવો પાવર, બીલ, અન્ય જાણકારી તથા ચૂકવણી કરો

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912

પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

જાહેર જનતા તથા સબસ્ટેશનની સુરક્ષા અને અવિરત વીજપુરવઠો જળવાઈ રહે તે હેતુસર સબસ્ટેશન/મીટર બોક્ષ/એમ.એસ.પી ની આજુબાજુ કચરો તેમજ જવલંતશીલ પદાર્થ નાખવો નહીં તેમજ સળગાવવો નહીં.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પૂણા શાખા : દુકાન નં.જી–૧૫–૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, ભૈયાનગર, માધવદીપ રેસીડેન્સી નજીક, પૂણાગામ, સુરત–૩૯૫૦૧૦. ફો નં.૦૨૬૧–૨૮૫૧૯૧૧ email: dbpuna@bankofbaroda.co.

કબજા નોટીસ (કલમ ૧૩(૪) (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૪.૦૭.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ ગીરવેદાર **શ્રી વિપુલભાઈ ધીરૂભાઈ સોલંકી (દેવાદાર), શ્રીમતી સોનલબેન વિપુલકુમાર સોલંકી સહ–દેવાદાર) અને શ્રીમતી ઉષાબેન નારણભાઈ માલવી (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૧૧,૦૨,૯૩૯.૭૬ (અંકે રૂ.અગિયાર લાખ બે હજાર નવસો ઓગણચાલીસ અને છોતેર પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે તેમને મળેલ સત્તા હેઠળ વંચાણે લઈ **તારીખ ૨૨મી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**ની રકમ **રૂ.૧૧,૦૨,૯૩૯.૭૬** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક, હિત સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શ્રી વિલા રેસીડેન્સી' નો પ્લોટ નં.૮૪(કે.જે.પી મુજબ બ્લોક નં.૧૨૪/૮૪ પ્લોટ નં.૮૩ થી ૮૯, કુલ માપ આશરે ૩૫૮.૪૧ ચો.મીટર અને જોડેનો રોડ અને સીઓપી માપ આશરે ૧૮૭.૬૫ ચો.મી પૈકી) આશરે માપ ૪૩.૫૫ ચો.મી, ભોયતળીયા ના બાંધકામના વણવહેચાયેલ પ્રમાણસર હિસ્સા માપ ૨૨.૭૯ ચો.મી રોડ અને સીઓપી સહિત બિન–ખેતી જમીન બ્લોક નં.૧૨૪, રેવન્યુ સર્વે નં.૧૩૦/૩, ગામ. કામરેજ, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૮૫, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૮૩, **પૂર્વ તરફ** : જોડેની સોસાયટીનો રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૦૦.

તા. ૨૨.૧૦.૨૦૨૬ સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પૂણા શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પાર્લે પોઈન્ટ શાખા : પાર્લે પોઈન્ટ, એ.વી. સન્સ નજીક, ઘોડ દોડ રોડ, સુરત, ભારત– ૩૯૫૦૦૭ ફો નં. ૦૨૬૧– ૨૨૧૧૮૫૧(ડી/એફ) ૨૨૨૬૫૯૩, (જી)૨૨૫૫૦૭૧(એડીવી) Email : PARLEP@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) (કલમ ૧૩(૪) સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૦૭/૦૮/૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદાર/જામીનદાર **શ્રીમતી જીનલ ઘનશ્યામભાઈ પાલડિયા (માલિક) શ્રી ચિરાગ દલસુખભાઈ પાલડિયા (જામીનદાર અને ગીરવેદાર) મેસર્સ જીનલ ફેશન** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૩૧,૨૪,૮૯૧.૨૫ (અંકે રૂા.એકત્રીસ લાખ ચોવીસ હજાર આઠસો એકાણું અને પચીસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા. ૧૯મી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૩૧,૨૪,૮૯૧.૨૫** વત્તા વ્યાજ અને અન્ય કાનુની ચાર્જીસને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

પ્રાથમીક સુરક્ષા : હાઈપોથીકેશન થયેલ મશીનરીઝ એટલે કોમ્પ્યુટરાઈઝ એમ્બ્રોડરી મશીન મોડલ ૬૨૩#૪૦૦#૮૫૦#૧૫૦૦ કોમ્પ્યુટરાઈઝ મ્લટી હેડ કોર્ડીંગ એમ્બ્રોડરી મશીનરી સાથે ૫૨૮ કોમ્પ્યુટર સાથે કટર અને સ્ટાન્ડર્ડ એસેસરીઝ સાથે ૩૪૭–૩૪૮, અંજની ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ–૧, ગોથાણ, સુરત ખાતે આવેલ છે.

કરાર આધારીત સુરક્ષા : તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે 'સીલ્વર કોઈન' ની બિલ્ડીંગ નં.બીના ૧૩મા માળ નો ફ્લેટ નં.૧૩૦૩, જેનું આશરે બિલ્ટઅપ એરિયા માપ ૭૮.૦૪ ચો.મી ના વણવહેચાયેલ પ્રમાણસર હિસ્સા સહિત બિલ્ડીંગ ના બાંધકામ જમીન ફાઈનલ પ્લોટ નં.૭ + ૯, ટી.પી.સ્કીમ નં.૨૭, બ્લોક નં.૮૭ અને ૮૯, રેવન્યુ સર્વે નં.૧૦૦ અને ૧૦૪ ગામ.ઉત્રાણ, તા.સુરત સીટી, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો બ્લોક નં.૮૬, **પશ્ચિમ તરફ** : જોડેની બિલ્ડીંગ નં.એ, **ઉત્તર તરફ** : જોડેનો એફ.પી.નં. ૧૯૧, **દક્ષિણ તરફ** : જોડેનો એફ.પી.નં.૮ .

તા. ૧૯/૧૦/૨૦૨૬, સ્થળ : સુરત. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ શાખા.